# પ્રાણીશાસ્ત્રી

પ્રાણીશાસ્ત્રી એક વૈજ્ઞાનિક છે જે પ્રાણીઓનો અભ્યાસ કરે છે. પ્રાણીશાસ્ત્રીઓ પ્રાણીઓના કોષથી શરૂ કરીને તેમના ઉત્ક્રાંતિના ઈતિહાસ સુધીની પ્રાણીઓને લગતી દરેક બાબતોના નિષ્ણાતો છે. પ્રાણીશાસ્ત્રી સામાન્ય રીતે પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણીઓ અને તેમના કુદરતી રહેઠાણ અંગેનું સંશોધન કરે છે. પ્રાણીશાસ્ત્રીઓ પ્રાણીઓની વર્તણૂંકનો અભ્યાસ કરીને તેમના જીવનને વધુ સારી રીતે સમજવાનો પ્રયાસ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને પ્રાણીઓ ગમે છે
- તમે બહાર કામ કરવા માટે સહજ છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૪૮૦ થી ૭,૨૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. પ્રાણીશાસ્ત્રમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પ્રાણીશાસ્ત્રીનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૮,૩૩૪ થી ૨,૫૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Zoologist/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** પ્રાણી સંગ્રહાલય, પ્રયોગશાળાઓ, સરકારી સંશોધન કેન્દ્રો સહિત અન્ય સંસ્થાઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. તમે સહાયક પ્રાણીશાસ્ત્રીઓ અને અન્ય સ્ટાફની ટીમની દેખરેખ કરશો. સ્થાનિક મુસાફરી એ તમારી ભૂમિકાનો એક ભાગ હોઈ શકે છે. પાર્ટ-ટાઈમ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ થઈ શકે છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ અને દરરોજ ૮ થી ૧૦ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઇ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઝૂકીપર → મદદનીશ પ્રાણીશાસ્ત્રી → પ્રાણીશાસ્ત્રી → વરિષ્ઠ પ્રાણીશાસ્ત્રી, વિભાગના વડા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

વાઈલ્ડલાઈફ સાયન્ટિસ્ટ, વાઈલ્ડલાઈફ બાયોલોજીસ્ટ, એનિમલ સાયન્ટિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૨. બનારસ હિન્દુ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૩. દિલ્હી યુનિવર્સિટી
૪. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી
૫. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૬. વી.એન.એસ.જી.યુ., સુરત
૭. ગુજરાત યુનિવર્સિટી
૮. ગવર્મેન્ટ સાયન્સ કૉલેજ, વાપી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરૂ
૨. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર
૩. એન.આઈ.એમ.એસ., જયપુર
૪. નવરચના યુનિવર્સિટી, વડોદરા
૫. સી.એમ.જે. યુનિવર્સિટી, શિલોંગ
૬. સીટી યુનિવર્સિટી, લુધિયાણા
૭. કડિ સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર
૮. યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, જયપુર
૯. મહાત્મા જ્યોતિ રાવ ફૂલ યુનિવર્સિટી, જયપુર
૧૦. આર.કે.ડી.એફ. યુનિવર્સિટી, ભોપાલ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://online courses.swayam2.ac.in/cec20_ge23/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**મને સ્કેન કરો**

**વેબસાઈટ પર જુઓ**

## સાફલ્ય ગાથા

**મુકુંદલાલ ભાટિયા** પ્રાણીશાસ્ત્ર અને કીટશાસ્ત્રના નિષ્ણાત હતા. તેઓ દિલ્હી યુનિવર્સિટી સાથે સંકળાયેલા હતા અને હિમાચલ પ્રદેશ યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગમાં માનદ પ્રોફેસર હતા. શ્રી ભાટિયાએ તેમની શૈક્ષણિક અને સંશોધન કારકિર્દી માટે ભારતીય અને વિદેશી જળો (લીચ)ની આકારિક અને કાર્યાત્મક આકૃતિક વિજ્ઞાન (મોર્ફોલોજી)નો અભ્યાસ કર્યો.*

સ્રોત:https://www.edudwar.com/become-a-zoologist-in-india-famous-zoologist-salary-career-jobs/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.